सत्यमेव जयते

૧૨૩૯૮--૧૨૪૭૮

ક્રમાંક: જીસીઇઆરટી/DIKSHA/2020/
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
વિદ્યાભવન, સેક્ટર-12, ગાંધીનગર
ફોન: (079) 23256808,
ઇમેઇલ - gcert12@gmail.com,
Web : www.gcert.gujarat.gov.in
તારીખ: ૭/૧૦/૨૦

પ્રતિ,

- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.

**વિષય – વિદ્યાદાન પ્રોજેક્ટ અમલીકરણ બાબત...**

સવિનય જણાવવાનું કે શિક્ષણ મંત્રાલય, નવી દિલ્હી દ્વારા One Nation, One Platformની વાત રજૂ કરવામાં આવી છે, જેમાં DIKSHA Platformનો ઉપયોગ કરવા માટે ભલામણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત, આ માટે ફિલ્ડમાંથી જે તે વિષય સંદર્ભે વિવિધ તજજ્ઞો તરફથી ગુણવત્તાયુક્ત ઇ-મટિરિયલ મેળવવા માટે Vidyadaan પ્લેટફોર્મનો ઉપયોગ કરવા માટે સૂચન કરવામાં આવેલ છે. આ સંદર્ભે, જીસીઇઆરટી દ્વારા DIKSHA અંતર્ગત ETB (Energized Textbooks) તથા TPD (Teacher Professional Development Courses)નું કાર્ય શરૂ કરવામાં આવેલ છે. આ માટે, જે તે વિષયના પાઠ્યપુસ્તકોમાં મૂકવામાં આવેલ QR Code સંદર્ભે ઇ-મટિરિયલ જોડવાની જરૂરિયાત જણાય છે. જે તે વિષયાંગ સંદર્ભે ઇ-મટિરિયલ તૈયાર કરતા પહેલાં ફિલ્ડમાં ઉપલબ્ધ મટિરિયલ મેળવી તેની સમીક્ષા કરી ઉપયોગમાં લઇ શકાય તેમ છે. આથી, ફિલ્ડમાં વિષય તજજ્ઞો પાસે રહેલ ઇ-મટિરિયલ મંગાવવા માટે Vidyadaan પ્લેટફોર્મ ઉપયોગી થઇ શકે છે.

આ માટે વિદ્યાદાન પ્લેટફોર્મ પર Individual Contributor તરીકે જોડાવવા સંદર્ભેની જાણકારી બિડાણ પત્રમાં દર્શાવેલ છે. આથી, વિદ્યાદાન અંગેની માહિતી આપના જિલ્લાના તમામ (સરકારી, ગ્રાન્ટેડ તેમજ ખાનગી) પ્રાથમિક શાળાના શિક્ષકોને, સંસ્થાઓને પહોંચતી કરવા તેમજ સંલગ્ન ધોરણ અને વિષય સંદર્ભે ઇ-મટિરિયલ કે ઇ-કન્ટેન્ટ દાન કરવા માટે પ્રોત્સાહિત કરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

નિયામક
જીસીઇઆરટી,
ગાંધીનગર

TPEO/BRC (તમામ), જિ-કચ્છ
ઉપરોક્ત તા.૦૭/૧૦/૨૦૨૦ના પત્રની વિગતેજણાવવાનું કે, આપેલ સૂચનાઓ મુજબ આપના તાબા હેઠળની તમામ શાળાઓને જાણ કરી આપની કક્ષાએથી સુચના આપવાની રહેશે.

બિડાણ –
- વિદ્યાદાન પ્લેટફોર્મ પર Individual Contributor તરીકે જોડાવવા સંદર્ભેની જાણકારી.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
કચ્છ–ભુજ.